


# ટાંકાના માલિક
# ઝડપી સંદર્ભ ગાઇડ

## ભૂગર્ભ સ્ટોરેજ ટાંકાઓનો વિભાગ

## આ બાબત શા માટે મહત્વની છે

ટેનેસી ફ્યુઅલ એન્ડ કન્વીનીયન્સ સ્ટોર એસોસિએશન સાથે સહકારમાં ભૂગર્ભ સંગ્રહ ટાંકાઓના ડિવીઝને (ડિવીઝન) ટેનેસીમાં એક ભૂગર્ભ સંગ્રહ ટાંકા (UST) ની સુવિધાને યોગ્ય રીતે ચલાવવા માટેની ઓછામાં ઓછી જરૂતિયાતોને સમજવામાં તમને મદદ કરવા આ ટાંકાના માલિકોની ઝડપી સંદર્ભ ગાઇડ વિકસાવેલ છે. આમાં સમાવેશ થાય છે પરંતુ તે તેના પૂરતા માર્યાદિત નથી:

- ફી અને નોંધણી
- ઓપરેટરની તાલીમ
- ટાંકાઓ માટે માસિક મુક્તિ શોધ
- પાઇપિંગ માટે મુક્તિ શોધ
- કાટ સામે સુરક્ષા
- ઢોળાવા અને વધારે ભરવા સામે અટકાયત
- મોટર ફ્યુઅલ ડિસ્પેન્સર્સ
- પૂર્વાભ્યાસ તપાસ
- ટાંકા અને/અથવા પાઇપિંગ બંધ કરવા
- રેકોર્ડની જાળવણી
- જાણ કરવી

જો તમે નિયમનોનું પાલન કરો તો, તમે ફંડની ભરપાઇ મેળવી શકો છો; ડિલિવરી મેળવવાનું ચાલુ રાખી શકો છો; તમારા ગ્રાહકો, કર્મચારીઓ, અને તમારા સમુદાયનું રક્ષણ કરી શકો છો; અને દંડ ચૂકવવાનું ટાળી શકો છો. ઉપરાંત, તમારા ઉપકરણની માસિક રીતે મોનિટરિંગ રાખીને, તમે ઇંધણ કોઇ નુકશાની નહીં હોવાનું સુનિશ્ચિત કરો છો, કે જે ઉત્તમ-ધંધાકીય પ્રથા છે.




એક માલિક નાણાકીય જવાબદારી જાળવવાની જરૂરિયાત પણ ધરાવે છે. આનો અર્થ તે થાય છે કે જો ઇંધણની મુક્તિ થાય તો, તેની તપાસ કરવામાં આવે અને સાફ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી માલિકની છે. **આ ખૂબ જ ખર્ચાળ બની શકે છે.**

રાજ્યનું ફંડ ધરાવવા માટે ટેનેસી ભાગ્યશાળી છે કે જે ફંડ ઇંધણ મુક્તિઓની સફાઇના ખર્ચાઓમાં મદદ કરવા માટે માલિકો માટે ઉપલબ્ધ હોય છે. જો સંપૂર્ણ કામકાજ સંબંધિત નિયમપાલનના રેકોર્ડ્સ રજૂ કરવામાં ન આવે તો નાણાકીય ભરપાઈની કપાતની ઉંચી માત્રા લાગુ પડી શકે છે. ભરપાઇ મેળવવા માટે નિયત તારીખો સુધીમાં એક અરજી આવશ્યક છે. તેથી કામકાજ સંબંધિત નિયમપાલનની જાળવણી અને તેને દસ્તાવેજી સ્વરૂપ આપવું જરૂરી છે.

ફંડની ભરપાઇ એ એક જટિલ વિષય છે અને તે મહત્વનું છે કે તમે અરજીની પ્રક્રિયાને સમજો. જો તમને કોઇ પ્રશ્નો હોય તો કૃપા કરીને ડિવીઝનનો નિ:સંકોચ સંપર્ક કરો કારણ કે અમે ઇચ્છીએ છીએ કે તમે આ લાભનો ઉપયોગ કરો. કૃપા કરીને વધુ માહિતી માટે હાલની ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકાને જુઓ.

આ દસ્તાવેજ ટેનેસીના કાયદા અને અધિનિયમોની અવેજી નથી કે તે પોતે એક કાયદો કે અધિનિયમ નથી. કાયદા અને નિયમનોની વિસ્તૃત અને પૂરી સમજ માટે, કૃપા કરીને ટેનેસી પેટ્રોલિયમ ભૂગર્ભ સંગ્રહ ટાંકાનો કાયદો T.C.A. § 68-215-101, નિયમો પ્રકરણ 0400-18-01 અને ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા અને પ્રમાણભૂત તપાસ માર્ગદર્શિકામાં આપવામાં આવેલી વધારાની માહિતી જુઓ. આ દસ્તાવેજો ડિવીઝનની વેબસાઇટ ઉપરથી પ્રાપ્ત કરી શકાય છે:

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/compliance-inspections/standardized-inspection-process.html

જો આ સંદર્ભ ગાઇડ અથવા નિયમનકારી જરૂરિયાતો અંગે તમને કોઈ પ્રશ્નો હોય તો, તમારી ક્ષેત્રિય ઓફિસને (આ દસ્તાવેજનું છેલ્લું પાનું જુઓ) કોલ કરો અથવા ડિવીઝનનેTanks.UST@tn.gov ઉપર ઈમઇલ કરો.




## ફી નોંધણી

- તમારે જરૂરી વાર્ષિક ફી ચૂકવવી જરૂરી છે, કે જે પ્રતિ ટાંકા/કમ્પાર્ટમેન્ટ $125 છે. **(ફી 7/1/21 થી 6/30/26 સ્થગિત રાખવામાં આવી)***
- UST સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા સમયે, તમારે ડિવીઝનનું પૂર્વ-ઇન્સ્ટોલેશન સૂચનાનું પત્રક (CN-1288) રજૂ કરવું જોઈએ અને ઇન્સ્ટોલેશનના 15 દિવસ અગાઉ ફી ચૂકવવી જોઈએ.
- તમારે ડિવીઝનના સુચના પત્રક (CN-1260) નો ઉપયોગ કરીને 30 દિવસની અંદર તમારી UST સિસ્ટમમાં કોઇપણ ફેરફારોની જાણ કરવી જરૂરી છે. આમાં સમાવેશ થઇ શકે છે:
  - સુવિધાની માહિતી
  - માલિકીનો ફેરફાર
  - ઉપકરણ કે પ્રોડક્ટમાં ફેરફાર
  - સ્થિતિમાં ફેરફાર

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/notification-and-fees.html

## ડિલિવર કરશો નહીં

કોઇપણ ડિલિવરી T.C.A.નું ઉલ્લંઘન કરે છે 68-215-106(a) ડિલિવરી $10,000 સુધીના દંડમાં પરિણમી શકે છે. T.C.A. 68-215-121

**અનઅધિકૃત ટેગ દૂર કરવા એ વર્ગ C નું દુરાચરણ છે.**

UST ના ડિવીઝનનો (615) 532-0945 ઉપર સંપર્ક કરો.

જો તમે તમારી *ફી ચૂકવેલ ન હોય અથવા ઉલ્લંઘનો ધરાવતા હોવ જે એક આખરી ઓર્ડરમાં પરિણમેલ હોય તો, તમારા ટાંકાઓને રેડ ટેગ લગાડવામાં આવી શકે છે. જો આ બને તો, તમને ડિવીઝનના ડિરેક્ટર પાસેથી લેખિતમાં દૂર કરવાનો અધિકૃતતા પત્ર મળે નહીં ત્યાં સુધી **ટેગ્સ દૂર કરશો નહીં.** આગોતરા દૂર કરવા એ વર્ગ C દુરાચરણના દંડમાં પરિણમી શકે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને તમારી સ્થાનિક ક્ષેત્રિય ઓફિસનો સંપર્ક કરો અથવા અહીં જાવ:

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks.html

## ઓપરેટરની તાલીમ

એક એકાઉન્ટ બનાવવા, ઓપરેટર તાલીમ પૂર્ણ કરવા, અને દરેક સુવિધા માટે તાલીમ બધ્ધ વર્ગ A અને B ઓપરેટર નિયુક્ત કરવા માટે તમારે ટેનેસી ટેંક હેલ્પર વેબસાઈટનો ઉપયોગ કરવો જરૂરી છે.

https://tdec.tn.gov/tankhelper

શું મદદની જરૂર છે? ઈમેઈલ કરો BG-Help_Desk@tn.gov અથવા કોલ કરો (615)532-0287

યાદ રાખો, જો તમારા સુવિધા ઓપરેટરો બદલાય તો, તમારે 30 દિવસની અંદર નવા વર્ગ A અને B ઓપરેટરો નિયુક્ત કરવા જોઈએ.

નીચેનું કોષ્ઠક દરેક ઓપરેટર તાલીમના સ્તરનું સામાન્ય વર્ણન ધરાવે છે. માલિક દરેક સ્તર માટે જરૂરિયાતોને પૂર્ણ કરી શકે છે.

| | **વર્ગ A ઓપરેટર** | **વર્ગ B ઓપરેટર** | **વર્ગ C ઓપરેટર** |
|---|---|---|---|
| ***આ ઓપરેટરના વર્ગમાં કોણ બંધ બેસે છે?*** | એવી વ્યક્તિ કે જે UST સિસ્ટમના સંચાલન અને જાળવણી કરતી ધારાકીય અને નિયમનકારી જરૂરિયાતો ઉપર સામાન્ય રીતે ધ્યાન આપે છે | એવી વ્યક્તિ કે જે સામાન્ય રીતે લાગુ UST નિયમનકારી આવશ્યકતાઓની ક્ષેત્રિય અમલવારી માટે જવાબદાર હોય છે અને એક અથવા વધુ સુવિધાઓ ઉપર UST ના સંચાલન, જાળવણી અને રેકોર્ડ કીપિંગના રોજીંદા પાસાઓનો અમલ કરે છે. | એવી વ્યક્તિ કે જે કટોકટીની સ્થિતિઓ સૂચવતી ઘટનાઓનો સામાન્ય રીતે પ્રથમ પ્રતિભાવ આપનાર હોય છે અથવા એલાર્મ્સ ઉપર પ્રતિક્રિયા કરનારી હોય છે. |

## ટાંકાઓ માટે મુક્તિની શોધ

**એવા તમામ ટાંકાઓ કે જે જુલાઈ 24, 2007 ના રોજ કે ત્યારબાદ બાદ સ્થાપિત કરવામાં આવેલ હોય તેના માટે ઇન્ટરસ્ટીશ્યલ મોનિટરિંગનો ઉપયોગ કરવો જરૂરી છે.**

ટાંકાઓમાં માસિક મુક્તિ શોધના થોડા સ્વરૂપ હોવા જોઈએ, જે આ વિકલ્પો પૈકીના એક હોઈ શકે છે:

- ઑટોમેટિક ટેંક ગેજીંગ **(ATG)**
- મેન્યુઅલ ટેંક ગેજીંગ **(MTG)**
- સ્ટેટિસ્ટિકલ ઇન્વેન્ટરીનો રિકન્સિલીએશન **(SIR)**
- ઈન્ટરસ્ટીશ્યલ મોનિટરિંગ **(IM)**

મુક્તિ શોધ ઉપકરણ ભાગો (ઈલેક્ટ્રોનિક અને યાંત્રિક) નું સંચાલનક્ષમતા માટે વાર્ષિક રીતે પરીક્ષણ કરવું જરૂરી છે.

- વધુ માહિતી માટે ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ.

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/compliance-inspections/standardized-inspection-process.html

## પાઇપિંગ માટે મુક્તિ શોધ

**એવી તમામ દબાણયુક્ત પાઇપિંગ કે જે જુલાઈ 24, 2007 ના રોજ કે ત્યારબાદ સ્થાપિત કરવામાં આવેલ હોય તેના માટે ઇન્ટરસ્ટીશ્યલ મોનિટરિંગનો ઉપયોગ કરવો જરૂરી છે.**

- દબાણયુક્ત પાઇપિંગ મુક્તિ શોધના બે સ્વરૂપો ધરાવતી હોવી જોઈએ:
    - સામયિક (નાના લીક્સ)
    - આપત્તિજનક (મોટા લીક્સ)
- દર ત્રણ વર્ષે ઇન્ટરસ્ટીશ્યલ મોનિટરિંગનો ઉપયોગ કરીને દબાણયુક્ત પાઇપિંગ માટે સંપની અખંડિતતાનું પરીક્ષણ આવશ્યક છે.
- સક્શન પાઇપિંગ માટે મુક્તિની શોધની જરૂર પડી શકે છે.
- વધુ માહિતી માટે ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ.

## કાટ સામે સુરક્ષા

- ભૂગર્ભ સ્ટીલ ટાંકાઓ અને પાઇપિંગ ને કાટ (સડા) થી રક્ષિત કરવી જોઈએ. આમાં ધાતુના ભાગો કે જે સ્થિર પાણી તેમજ જમીનના સંપર્કમાં હોય તેનો સમાવેશ થાય છે.
- કેથોડીક સુરક્ષા સિસ્ટમ્સ યોગ્ય રીતે સંચાલિત થવી જરૂરી છે અને દર ત્રણ વર્ષે પરીક્ષણ થવી જરૂરી છે.
- વધુ માહિતી માટે ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ.



*યોગ્ય કાટ સામે સુરક્ષા વિના, તમે પ્રોડક્ટની મુક્તિ ધરાવી શકો છો.*

## ઢોળાવા અને વધારે ભરવા સામે અટકાયત

- ઢોળાવા અને વધારે ભરવાના ઉપકરણ બધા ટાંકાઓ ઉપર ગોઠવવા જરૂરી છે જે એકલ ડિલિવરીમાં 25 ગેલન્સ કરતાં વધુ મેળવે છે. સ્પીલ બકેટ્સ ડિલિવરી દરમિયાન ઇંધણની નાની માત્રા સમાવવા માટે તૈયાર કરવામાં આવેલા છે.
- તમારે મહિનામાં એક વાર સ્પીલ બકેટ્સનું નિરીક્ષણ કરવું જરૂરી છે અને ડિવીઝનના માસિક પૂર્વાભ્યાસ પત્રક (CN-2544) નો ઉપયોગ કરીને દસ્તાવેજી સ્વરૂપ આપવું જોઈએ.
- ઢોળાવાના અને વધારે ભરવાના ઉપકરણનું અખંડિતતા માટે અને કાર્યક્ષમતા માટે દર ત્રણ વર્ષે ઓછામાં ઓછું એક વાર પરીક્ષણ કરવું જરૂરી છે.

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/ust-forms-guidance.htmI



*કૃપા કરીને તમારા સ્પીલ બકેટમાંથી ઇંધણ/પાણી/કચરો ખાલી કરવાનું અને કચરાઓનું યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવાનું યાદ રાખો.*

વધુ માહિતી માટે ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ.

## મોટર ફ્યુઅલ ડિસ્પેન્સર્સ

યુનિટ નીચેના ફિલ્ટર કે પાઇપિંગ માંથી કોઇપણ ટીપાં પડવા કે ઝરવા માટે ડિસ્પેન્સર્સની ત્રિમાસિક રીતે તપાસ કરવી જોઇએ અને તપાસનો લોગ રાખવો જોઇએ.

આ તપાસોની ઉપર મળેલ લીંકનો ઉપયોગ કરીને ડિવીઝનના પૂર્વાભ્યાસ પત્રક (CN-2544) ઉપર નોંધ કરવી જોઇએ.

કૃપા કરી એ વાતની નોંધ લો કે અન્ય એજન્સીઓ, કૃષિ ખાતા સહિત, અને સ્થાનિક અથવા રાજ્યના હવા પ્રદૂષણ સત્તાધિશો ડિસ્પેન્સરના સંચાલન માટેની નિયમનકારી જરૂરિયાતો ધરાવે છે. જો તમારે મદદની જરૂર પડે તો, કૃપા કરીને (615) 532-8013 અથવા 1-800-734-3619 ઉપર બિઝનેસ આસિસ્ટન્સનો અથવા ઈમઇલ દ્વારા BGSPEAP@tn.gov પર સંપર્ક કરો.

https://www.tn.gov/environment/program-areas/sbeap-small-business-environmental-assistance.html




*કૃપા કરીને તમારા ડિસ્પેન્સર સંપમાંથી ઇંધણ/પાણી/કચરો ખાલી કરવાનું અને કચરાઓનું યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવાનું યાદ રાખો.*

## પૂર્વાભ્યાસ તપાસ

માસિક અને વાર્ષિક પૂર્વાભ્યાસની તપાસ હાથ ધરાવી જોઈએ:



- માસિક
  - ઢોળાવાની અટકાયત માટેનું ઉપકરણ
  - મુક્તિ શોધ ઉપકરણ
- વાર્ષિક
  - કન્ટેનમેન્ટ સંપ્સ
  - હાથથી સંચાલિત મુક્તિ શોધનું ઉપકરણ

પૂર્વાભ્યાસ તપાસોનું દસ્તાવેજી સ્વરૂપ આપવું જરૂરી છે અને ડિવીઝનના પૂર્વાભ્યાસ પત્રક (CN-2544) ઉપર નોંધવા જરૂરી છે. વધુ માહિતી માટે ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ.

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/ust-forms-guidance.html

## ટાંકા અને/અથવા પાઇપિંગ બંધ કરવા

જો તમે તમારા ટાંકા(ઓ) અને/અથવા પાઇપિંગ ને બંધ કરવાનું આયોજન કરતા હોવ તો, *ભૂગર્ભ સંગ્રહ ટાંકાઓના કાયમી સમાપન માટેની એક અરજી* (CN-0928) પૂર્ણ કરો અને તેને મૂલ્યાંકન અને મંજૂરી માટે લાગુ ક્ષેત્રિય ઓફિસ સમક્ષ રજૂ કરો. એકવાર અરજી મંજૂર કરવામાં આવે પછી, તમારી પાસે ડિવીઝનની જરૂરિયાતો અનુસાર સમાપન પૂર્ણ કરવા માટે એક વર્ષ હોય છે. એકવાર સમાપન પૂર્ણ થયા બાદ, તમારે ડિવીઝનના સૂચના પત્રક (CN-1260) સહિત એક *કાયમી સમાપન અહેવાલ* (CN-0927) રજૂ કરવો જરૂરી છે. વધુ માહિતી માટે, કૃપા કરીને આ લીંકનો ઉપયોગ કરો:

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/tank-and-piping-closure.html

## રેકોર્ડની જાળવણી

તમારે નીચેના તમામ રેકોર્ડ્સ રાખવા જરૂરી છે:

- કાટ સામે સુરક્ષા
- સમાપન રેકોર્ડ્સ, જો લાગુ પડે તો
- સુસંગતતાના દસ્તાવેજો
- વર્ગ A/B ઓપરેટરના હોદ્દાઓ
- મુક્તિ શોધ, સંચાલનક્ષમતાના પરીક્ષણ સહિત
- ઢોળાવા અને વધારે ભરવાનું પરીક્ષણ
- ડિસ્પેન્સર તપાસનો લોગ
- ઇન્સ્ટોલેશન રેકોર્ડ્સ, જો લાગુ પડે તો
- મરામત/બદલાવેલ ભાગ, જો લાગુ પડે તો
- પૂર્વાભ્યાસ તપાસના દસ્તાવેજો

વિશિષ્ટ જરૂરિયાતો માટે ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ. ડિવીઝને ભરી શકાય તેવા રેકોર્ડ કીપિંગ વિકસાવેલ છે કે જે ડિવીઝનની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે:

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/ust-forms-guidance.html

## જાણ કરવી

તમારે તમારી UST સિસ્ટમ, સુવિધાની માહિતી કે માલિક/ઓપરેટરની માહિતીમાં કોઇપણ ફેરફારોની ડિવીઝનને ફેરફારના 30 દિવસની અંદર જાણ કરવી જરૂરી છે. તમારે શોધી કાઢ્યાના 72 કલાકોની અંદર ડિવીઝનને સંદિગ્ધ કે પુષ્ટિકૃત મુક્તિની જાણ કરવી જરૂરી છે. સંદિગ્ધ/પુષ્ટિકૃત મુક્તિ અંગેની વિગતવાર માહિતી માટે, ટાંકાના ઓપરેટરોની માર્ગદર્શિકા જુઓ.

## ઈંધણ સુસંગતતા

10% કરતા વધુ ઇથેનોલ અથવા 20% કરતા વધુ બાયોડીઝલ સાથે મિશ્રિત નિયંત્રિત પદાર્થોનો સંગ્રહ કરવા માટે ઉપયોગમાં લેવાતી UST સિસ્ટમ્સે ઇંધણ સુસંગતતા માટેની જરૂરિયાતોનું પાલન કરવું જરૂરી છે.

જરૂરી તપાસયાદી અને ફોર્મ્સ આ વેબસાઇટ ઉપરથી મળી શકે છે.

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/compliance-inspections/alternative-fuels.html

## ટેંક સ્કૂલ

ડિવીઝન નિ:શુલ્ક તાલીમ આપે છે જે ખાસ કરીને નવા ટાંકા માલિકો માટે લાભદાયક છે. ડિવીઝનના ઇન્સપેક્ટરો તાલીમ હાથ ધરે છે અને નિયમપાલન તપાસ માટે શું તૈયાર કરવાની જરૂર છે અને તમારી સુવિધાને નિયમનો સાથે અનુપાલનમાં રાખવા માટે શું કરવું જરૂરી છે તે સમજાવે છે. સુવિધાની તપાસો દર ત્રણ વર્ષે ઓછામાં ઓછી એકવાર થાય છે, અને નવી સુવિધાઓની કામકાજના પ્રથમ વર્ષની અંદર તપાસ કરવામાં આવી શકે છે.

વર્ગની અનુસૂચી અને સાઈન અપની માહિતી આ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે:

https://www.tn.gov/environment/program-areas/ust-underground-storage-tanks/ust/operator-training/tank-school.html

## સંક્ષિપ્ત નોંધ

UST સિસ્ટમ્સની માલિકીમાં ટાંકા(ઓ)માં ઇંધણ નાખવા અને ઇંધણ વેંચવા કરતા વિશેષનો સમાવેશ થાય છે. તેના માટે ઉપકરણને કેવી રીતે ચલાવવા અને જાળવવા અને કેવી રીતે સારા દસ્તાવેજો રાખવા તેની જાણકારીની આવશ્યકતા રહે છે. નિયમપાલન નહીં કરવાની બાબત પ્રોડક્ટની નુકશાની, ખર્ચાળ પર્યાવરણીય સફાઇ, અને ફંડની ભરપાઈનું નુકશાન અને/અથવા દંડો દ્વારા પણ નોંધપાત્ર નાણાકીય અસર ધરાવી શકે છે.

### કોઈ પ્રશ્નો છે?

તમારી સ્થાનિક પર્યાવરણીય ક્ષેત્રિય ઓફિસને કૉલ કરો અથવા ઈમઇલ કરો.

# પર્યાવરણીય ક્ષેત્રિય ઓફિસો

## https://www.tn.gov/environment/contacts/about-field-offices

ટેનેસીના પર્યાવરણ અંગે કોઇ પ્રશ્ન છે? 1-88-891-TDEC (8332) પર કૉલ કરો
As.k.tdec@tn.gov

### નેશવિલે

711 R.S. ગાસ બૉલવાર્ડ
Nashville, Tennessee 37243
ફોન: (815) 761-7590
રોન્ડા કી
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

### કૂકવિલે

1221 South Willow Avenue
Cookeville, Tennessee 38506
ફોન: (931) 337-4172
ફ્રેન્ક પોઇન્ટર
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

### જોહ્નસન સિટી

2305 Silverdale Road
Johnson City, Tennessee 37601
ફોન: (423) 438-9100
કેવિન રાઇસ
ક્ષેત્રિય ઓફિસ મેનેજર



### નોક્સવિલે

3711 Middlebrook Pike
નોક્સવિલે. Tennessee 37921
ફોન: (865) 320-6168
હોલી માર્લો
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

### જેક્સન

1625 Hollywood Drive
Jackson, Tennessee 38305
ફોન: (731) 431-2924
રોન્ડા જોહ્ન્સન
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

### ચટ્ટાનુગા

1301 Riverfront Parkway, સ્યુટ #206
Chattanooga, Tennessee 37402
ફોન: (423) 326-7935
રેન્ડી સ્લેટર
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

### મેમફિસ

8383 Wolf Lake Drive
Bartlett, Tennessee 38133
ફોન: (901) 232-5968
રોશંદા ફોર્સીથ
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

### કોલમ્બિયા

1421 Hampshire Pike
Columbia, Tennessee 38401
ફોન: (931) 306-8712
ડેલ રોબિન્સન
ક્ષેત્રિય ઓફિસ મેનેજર

TN
પર્યાવરણ અને સંરક્ષણ વિભાગ

**સ્ટેન બોયડ, ડિરેક્ટર**
ભૂગર્ભ સ્ટોરેજ ટાંકાઓનો વિભાગ
(615) 532-0945
Stan.Boyd@tn.gov